સ્વચ્છ ગુજરાત

કમિશ્નર ગ્રામ વિકાસ
સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ)
બ્લોક નં.૧૬,ત્રીજો માળ,
કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

स्वच्छ महोत्सव

ક્રમાંકઃ સીઆરડી/એસબીએમ/SHS/૧૪૦૧/૨૦૧૯ તા.૧૦/૦૯/૨૦૧૯

પ્રતિ,

૧) ચેરમેન-વ-જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી, તમામ

૨) નિયામકશ્રી,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ

**વિષય :-** "સ્વચ્છતા હી સેવા-માસ કોમ્યુનિકેશન કેમ્પેન" (૧૧ સપ્ટેમ્બર થી ૨૭ ઓક્ટોબર ૨૦૧૯) અંતર્ગત પ્લાસ્ટીક કચરાના સલામતી નિકાલ અને વ્યવસ્થાપન માટે કામગીરી હાથ ધરવા બાબત

**સંદર્ભ :-** ૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ક્રમાંકઃ સીઆરડી/એસબીએમ/આઇઇસી /૧૩૮૮ /૨૦૧૯ તા.૦૯/૦૯/૨૦૧૯ નો પત્ર.
૨) સચિવશ્રી,પેય જળ અને સ્વચ્છતા વિભાગ, જળ શક્તિ મંત્રાલય,ભારત સરકારના પત્ર ક્રમાંક : D.O.No.2/2/S(DWS)/19 તા. ૦૯/૧૦/૨૦૧૯ નો પત્ર

સવિનય ઉપરોક્ત વિષયના સંદર્ભ પત્ર (૧) થી "સ્વચ્છતા હી સેવા-માસ કોમ્યુનિકેશન કેમ્પેન" (૧૧ સપ્ટેમ્બર થી ૨૭ ઓક્ટોબર ૨૦૧૯) અંતર્ગત પ્લાસ્ટીક કચરાના સલામતી નિકાલ અને વ્યવસ્થાપન માટે કામગીરી હાથ ધરવા બાબતે જરૂરી સૂચનાઓ કરવામાં આવેલ છે. ઉપરોક્ત સૂચનાઓ સિવાય સંદર્ભ પત્ર (૨) થી ભારત સરકાર દ્વારા "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી કામગીરી માટે અન્ય જરૂરી સૂચનાઓ કરેલ છે.

**''સ્વચ્છતા હી સેવા'' માસ કોમ્યુનિકેશન કેમ્પેન (૧૧ સપ્ટેમ્બર થી ૨૭ ઓક્ટોબર ૨૦૧૯) દરમિયાન સૂચિત કામગીરી**

(૧) ''સ્વચ્છતા હી સેવા'' માસ કોમ્યુનિકેશન કેમ્પેન (૧૧ સપ્ટેમ્બર થી ૨૭ ઓક્ટોબર ૨૦૧૯)ના સંપૂર્ણ મોનિટરિંગ, સુપરવિઝન અને ઇવેલ્યુશન માટે જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી નોડલ ઓફિસર રહેશે.

(૨) માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા દેશના તમામ સ્વચ્છાગ્રહીઓ તથા સરપંચશ્રીઓને સંબોધીને લખાયેલ પત્રોને ગ્રામપંચાયત/ગામ કક્ષાએ આયોજિત જાહેર સભા અથવા ગ્રામ સભામાં વાંચવાના રહેશે. તથા સ્વચ્છતા ચળવળમાં ગામલોકોની ભાગીદારીથી પ્લાસ્ટીક કચરાના સલામતી નિકાલ અને વ્યવસ્થાપન અંગે જરૂરી કામગીરી હાથ ધરવા પ્રેરિત કરવાના રહેશે.

(૩) તમામ ગ્રામ પંચાયત/ગામોમાંથી એકત્ર થયેલ પ્લાસ્ટીક કચરાના જથ્થાને જિલ્લા/તાલુકાના કોઇ નિયત સ્થળે અથવા નજીકની ULB (મહાનગર પાલિકા/નગર પાલિકા)ના નિર્ધારિત કરેલ કલેક્શન સેન્ટર ઉપર લાવવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

Scanned by CamScanner

(૪) એકત્ર કરેલા તમામ પ્લાસ્ટીક કચરાનું (**રિસાયકલેબલ પ્લાસ્ટીક વેસ્ટ**-ઉપયોગી અથવા પુન: વપરાશમાં લઇ શકાય તેવો પ્લાસ્ટીક કચરો તથા **નોન રિસાયકલેબલ પ્લાસ્ટીક -** બિન ઉપયોગી અને પુન: વપરાશમાં ન લઇ શકાય તેવો જોખમી પ્લાસ્ટીક કચરો) વર્ગીકરણ કરવાનું રહેશે.

(૫) એકત્ર કરેલ તમામ પ્લાસ્ટિક કચરાના જથ્થાનો રોડ કન્સ્ટ્રકશન માટે ઉપયોગ થવા બાબતે નોડલ ઓફિસરે મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટેશન એન્ડ હાઇવે (NHAI, NHIDCL) નો સંપર્ક કરી શકશે.

(૬) ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત થતા રોડ કન્સ્ટ્રકશનમાં એકત્ર કરેલ પ્લાસ્ટિક કચરાના ઉપયોગ થવા સબંધિત વિભાગ/કચેરીઓ દ્વારા જરૂરી કામગીરી હાથ ધરાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૭) "સ્વચ્છતા હી સેવા" માસ કોમ્યુનિકેશન અભિયાન અંતર્ગત કરવાની થતી કામગીરીનો SHS-૨૦૧૯ એકશન પ્લાન તાત્કાલિક MIS મોડયુલમાં અપલોડ કરવાનો રહેશે.

(૮) સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત દૈનિક ધોરણે પ્રભાત ફેરી/સ્વચ્છતા રેલી/સાઇકલ રેલી/માનવ સાંકળ વિગેરે પ્રવૃતિઓનું આયોજન કરવાનું રહેશે. તથા વોલ પેઇન્ટિંગ, સ્લોગન રાઇટિંગ, બાળકો/યુવાનોને રેલીમાં જોડવા, મીટિંગ્સ, નિબંધ-લેખન સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા વગેરે આઇ.ઇ.સી. પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરી જન જાગૃતિ લાવવાની રહેશે. આ અંગે જરૂરી ખર્ચ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત IEC હેઠળ ઉપલબ્ધ ફંડમાંથી કરવાનો રહેશે

(૯) પ્લાસ્ટીક કચરાના સલામતી નિકાલ અને વ્યવસ્થાપન બાબતે ગામડાઓમાં ફિલ્મ પ્રદર્શન તથા સ્વચ્છતા રથનું આયોજન હાથ ધરવાનું રહેશે.

ઉપરોક્ત મુજબની સૂચનાઓ તથા તા: **તા. ૦૯/૧૦/૨૦૧૯ નો પત્રથી સ્વચ્છતા હી સેવા-૨૦૧૯ માટે થયેલ સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. વધુમાં તમામ કામગીરીનું દસ્તાવેજીકરણ થાય અને તમામ કામગીરની માહિતી MIS મોડયુલમાં માહિતી દૈનિક ધોરણે બિનચૂક અપલોડ કરવાની રહેશે.**

**સ્પેશ્યલ કમિશ્નર**
**સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)**
**ગ્રામ વિકાસ, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :**

**૧) માન.કમિશનર-વ-અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસ તરફ જાણ સારું..**

**૨) માન. સ્પેશ્યલ કમિશ્નરશ્રી- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) તરફ જાણ સારું.**

**૩) જિલ્લા કલેક્ટરશ્રી તમામ, જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.**

Scanned by CamScanner